વાર્ષિક લવાજમ રૂ. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૬ : અંક - ૧૭ ✱ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✱ તંત્રી : નમ્રતા બાલી ✱ પ્રકાશન : સપ્ટેમ્બર ૬, ૨૦૧૮

# "મોંઘવારી અમને જીણું ઝેર આપીને મારી નાખશે..."

સવિતાબેનની જિંદગીના ઊતાર ચઢાવ સાંભળ્યા અને એ બેનની આંખમાં આંસુ વહયા કરે. મારે લખવાનું પણ લખી ન શકી. મેં મારા મગજની સ્વીચ ચાલુ રાખી અને પછી ઘરે આવી ને લખવા બેઠી.

સવિતાબહેન ગામડાના અને અમદાવાદમાં લગ્ન થયા. ઘરમાં સાસુ અસ્થિર મગજના અને સસરા મિલ કામદાર. મારા પતિ મીઠાની ફેક્ટરીમાં કામે જતાં. મારું જીવન ગામડાનું. ગામડાના મોટા ઘરોમાં રહેવાનું. અને ખુલ્લા ખેતરોમાં આખો દિવસ નિંદવાનું, કપાસ વિણવાના, રોપા ઉછેરવાના, લાકડા વિણવા જવાનું, છાણા થાપવાના અને તમાકુના પીલ્લા ભાંગવાના. આ બધુ ઉગાડવાનું. આ તૈયાર થાય તે અમને ખબર નહી કે ક્યાં જાય અને આનું શું બને ? પણ, સાસરીમાં આવ્યાં પછી ખબર પડે છે કે, અમે તો બધુ કાચુ સોનું પકવતા અને શણગાર તો શહેરોમાં બને છે !

મેં મારા જીવનનું નાવડું ચલાવવા નાનાં-મોટા અનેક કામો કર્યા. મારે ચાર દીકરીઓ અને એક દીકરો. બધા નાનાં એટલે મુકીને બહાર કામ કરવા જવાનું થોડું અઘરું પડતું. અમારે ત્યાં દરિયાપુરમાં ગુજરાત ઉદ્યોગ એસ્ટેટના કારખાનામાં પહેલાં હું ધાગા કટીંગનું કામ કરતી. બાળકો નાનાં હોવાથી કારખાનાના શેઠને વાત કરી કે, મને આ કામ ઘરે આપોને હું આવીને માલ લઇ જઇશ અને તૈયાર કરી આપી જઇશ. ડ્રેસમટીરીયલના વધારાના જે તાર હોય તેને તોડુ એટલે ૧ નંગના ૬૫ પૈસા ભાવ મળતો. શેઠે ઘરે કામ આપવાનું શરૂ કર્યુ. હું ને મારી દીકરીઓ સાથે મળીને દિવસના ૧૦૦ નંગ બનાવી દેતા ને રોજના ૬૫ રૂપિયાનું કામ કરી લેતા. એમ કરતા મારી દીકરીઓ મોટી થઇ ને તેને પણ ત્યાં કારખાનામાં જવા લાગી. પછી તો શેઠ વધારે માલ આપવા લાગ્યા. હવે રોજનું ૧૦૦થી ૨૦૦રૂ.નું કામ કરી લેઉં. જેમ દિવસ જાય તેમ કાપડમાં અલગ-અલગ ડિઝાઇનો આવવા લાગી. કમ્પ્યુટર ભરતકામ કરેલા સુટપીસ તેના પર ફુમતા બાંધવાના આવ્યા હવે બટન ટાંકવાનું કામ આવ્યું. મોતીના બટન, પ્લાસ્ટિકના બટન, લોખંડના બટન અલગ-અલગ જાતના ટાંકવાના. હાલ અમને એક પીસનો એક રૂપિયો મળે છે. હવે તો મને ઘરે આવીને માલ આપી જાય છે. પહેલાં હું એકલી જ આ કામ કરતી હતી. ને હવે મારી ચાલીમાં વીસ જેટલી બહેનો આ કામ કરે છે.

હું મારા ઘરમાં અમે સાત લોકો છીએ સાતે જણ અલગ કામ કરીએ છીએ. મારી મોટી સિલાઇકામ કરે છે. બીજા નંબરની બટન લગાવે અને બીજા બહેનો ને વધારે માલ લઇ આપે છે. ત્રીજા નંબરની દીકરી કારખાનામાં તાકા તોડવા અને ચોથા નંબરની દીકરી જીન્સના પેન્ટના તાર તોડવા લાવે છે અને હું ફ્રીજમાં મુકવાના પાણીની બોટલ બને છે તેમા કામે જાઉં છું. મારા પતિ છત્રાલ કારખાનામાં જાય છે. અને મારો દીકરો ઘરે જે કામ આવે છે તેનું ગણતરી કરી લેવાનું અને બટન ટાંકવામાં મદદ કરે છે. એટલે, ઘરના બધા કામ કરીએ તોય છ જણની આવક ૧૨૦૦૦/- રૂ. થાય. મારા પતિ ૧૦,૦૦૦રૂ. એમ કરીને મહિને

બાવીસ હજાર રૂપિયા થાય. પણ, કોઇ જાતની સલામતી નહી અને બેન, અમારે પચાસ હજારવાળા પગારદારીના હંગાથે ઘરવખરી ખરીદવાની અમે અમારા જીવનમાં ઘણા સંઘર્ષ કરી જીવન જીવીએ છીએ. પણ, શું કરીએ ? મોંઘવારી અમને જીણું ઝેર આપી મારી નાખશે અમે મજુરી જેટલી કરીએ છીએ એ પ્રમાણે મજુરીનાં દામ નથી મળતાં. દીકરીઓને બહાર કામે ઓછા મોકલી છીએ એટલે, ઘરમાં જે મળે તે કામ કરાવીએ છીએ મારા જેવી અનેક બહેનો કામ કરતી થઇ છે.

મધુબહેન કહે છે, બેન મારા પતિ મિલમાં જતા પછી મિલ બંધ થઇ એટલે સિક્યુરિટીમાં ગયા અને હાલ અમે પતિ-પત્નિ બટન ટાંકવાનું કામ કરીએ છીએ. તેમાં અમે રોજના ૨૦૦થી ૨૫૦ જેટલું કામ કરી લઇએ છીએ. અમારા જેવા આસરે ૧૫૦૦થી ૨૦૦૦ હજાર જેટલા બહેનો કુટુંબ સાથે કામ કરે છે. ઘરે બેસી કામ કરી મહિને હિસાબ આપે અને રોજ નોટમાં નોંધણી કરીએ રોજનાં કેટલા નંગ બનાવ્યાં. એ પ્રમાણે, મહિને હિસાબ કરીએ તો ૭૦૦૦ રૂપિયા જેટલા અમને હિસાબ મળે. એમાં અમારું જીવન જીવવાનું કેવું હશે અમારું જીવન ?

પારૂલબહેન પણ બટન ટાંકવાનું કામ કરે છે અને માલ ટાઇમસર આપવો પડે. સાંજે પાંચ વાગે માલ આવે અને સવારે તો આપવાનો હોય એટલે, પોતે ઘરના કામ કરી રાત્રે ૧૨ વાગ્યા સુધી બેસી અને જેટલાં પીસ આપ્યાં હોય તે પૂરા કરી આપીએ. ૬૫ જેટલા નંગ તો હું ૧૨ વાગ્યા સુધીમાં બનાવી દઉં છું. તો મહિને ૧૭૦૦રૂ. જેટલું કામ કરી લઉં છું. હું પણ, સીઝન પ્રમાણે કામ કરી લઇ ગરમીમાં પાણી-પેપ્સી જેવી વસ્તુ પણ વેચુ છું. સાઇડમાં પેન્ટના તાકા પણ તોડવા લાવું છું. પેન્ટમાં એક નંગના ૮૦પૈસા મળે છે. તેમાંથી પણ ૫૦૦રૂ.નું કામ કરી લઉં છું. આ રીતે અમે ઘર સંભાળીએ, છોકરા સંભાળીએ અને રોજગાર પણ કરી લઇએ. ન કરીએ તો ઘરના બે છેડા મેળવવામાં બહુ તકલીફ પડે. ચાર છોકરાઓ ભણાવવાના તેનો ખર્ચો વધી જાય છે. એટલે, કામ કર્યા વગર છુટકો નથી. કામ કરવું જ પડે. પણ આ તે કંઇ રોજગાર કહેવાય ? ક્યાં ગઇ અમારી ખેતી ને ક્યાં ગઇ મારી શાળ કોઇ બતાવો મને.

ગોમતીપુરમાં રહેતા હર્ષિદાબહેન કહે, બેન, હું પહેલાં ફેક્ટરીમાં કામ કરતી. મારા પતિ ગુજરી ગયા પછી હું પણ ઘરે કામ કરું છું. એક વહેપારી કોટીઓ આપી જાય છે તેમાં એલ્યુમીનીયમનાં બટન લગાવવાનું અને વાયરમાં રેશમી ફુમતા બનાવીને લગાડવાના. એમાં મારી દીકરીઓ અને ચાલીમાં બીજા બહેનોને પણ કામ આપુ છું. જેવી ડિઝાઇન અને જેટલું મટીરીયલ લગાવવાનું હોય એ પ્રમાણે ભાવ મળે છે. જો ફુમતા જાતે બનાવીને લગાવીએ તો નંગે પાંચ રૂપિયા મળે અને એલ્યુમીનીયમનાં બન્ને બાજુ ૨૨ બટન લગાવીએ તેના પાંચ રૂપિયા મળે અને ૫થી ૭ બટન લગાવીએ તો નંગે એક રૂપિયો મળે. તો, રોજનું ૧૦૦થી ૧૫૦રૂ.નું કામ કરી લઇએ. પહેલાં હું ચમચીઓ ભરતી હતી. હાલમાં, એ કામમાં મંદી છે એટલે, આ કામ કરું છું. એટલે, અમે કામ ગમે ત્યાંથી ગોતી લઇએ.

એમની બાજુમાં રહેતા નયનાબહેન કહે, બેન, આ જમાનો જોતા અને મોંઘવારીને પહોંચી વળવા મહેનત કરવી પડે. હું જાત-જાતની ચમચી ભરવાનું, ફુમતા બનાવવાનું, બટન ટાંકવાનું, રૂમાલ વાળવાનું કામ કરું છું. હું વણકરની દીકરી. કાપડ સાથે વણાયેલી છું. પ્લાસ્ટિકની ચમચી ભરું છું અને સુતરના ફુમતા બનાવું છું અને હાથરૂમાલનું પેકિંગ કરું છું. ડ્રેસને બટન ટાંકુ છું. આ બધા કામનો સમય નક્કી કરેલ છે. આ બધા કામ કરું, ત્યારે મહિને ચાર હજાર જેટલું કમાઇ લઉં છું. તેમા મને દીકરો-દીકરી અને મારા પતિ મદદ કરે છે.

**- રમીલા**

❑

# "મહેનત ઝાઝી ને પૈસા ઓછા"

**અમદાવાદ શહેરના વિસ્તારોની ચાલીઓમાં જોઇએ તો સાવ** નાનાં નાનાં ઘર ને એમા જ બધુ સમાવવાનું. નાનકડી જગ્યામાં બધી સગવડ પુરી પાડવાનીને રહેવાનું તે કેવું સુંદર દેખાય. એકદમ સ્વચ્છ ઘર ને ઘરનાં આંગણાનો રસ્તો દેખાય એ ઘરોમાં રહેતી આપણી શ્રમજીવી બહેનો.

તહેવારનો મહિનો આવે ને ઘરખાતા કામદાર બહેનોને કામ મળે. શહેરમાં ઘણી વસ્તુઓ બને છે જેમ કે, રમકડાં, રાખડી, બંગડી, બુટ્ટી, પીનો, બોરીયા, બક્કલ જેવી ઘણી વસ્તુઓનું પેકિંગ બહેનો કરે છે. તેમાંથી બહેનો પોતાના ઘરનો ગુજારો કરતી હોય છે. વર્ષો ને દિવસો જાય તેમ નવા નવા કામો આવતાં જાય છે તેમ જ જુના કામો છૂટતા જાય છે. જે કામમાં વધારે પૈસા મળે તે કામ બહેનો કરતાં હોય છે. એવું જ આ વખતે રાખડીના કામમાં થયું છે. આ કામમાં બહેનોને મહેનત પ્રમાણે

રોજી મળતી નથી. સાચે જ અને તેના લીધે બહેનો રાખડી બનાવવાનું કામ છોડી દે છે. શહેરના રખિયાલ, રાજપુર અને ગોમતીપુર વિસ્તારમાં બહેનો ઘરે ઘરે રાખડી ભરવાનું કામ કરે છે. સિઝન પ્રમાણે કામ બદલાતું રહે છે એટલે શ્રમજીવી બહેનો આ બદલાતા કામની સાથે તાલથી તાલ મીલાવીને કામ કરતી હોય છે. તો આજે આવી જ બહેનોની વાત આપણે અહીં કરવાના છીએ.

ગોમતીપુર-રાજપુર વિસ્તારની વડલાવાળી ચાલી. ચાલીમાં અંદર જતાં ત્રીજા નંબરનું રમીલાબહેન પરમારનું ઘર આવે. ૫૩ વર્ષના રમીલાબહેન પહેલાં કારખાનામાં સિલાઇ કામ કરતા હતાં પણ, કમરનો દુઃખાવો થવાથી સિલાઇ કામ છોડવું પડયું. છેલ્લા પાંચ વર્ષથી રાખડી બનાવવાનું કામ કરે છે. ઓસરીમાં બેઠાં બેઠાં રાખડી બનાવતા રમીલાબહેન કહે, ‘‘હું તો રાખડીનું કામ વર્ષના દશ મહિના કરું છું અને રક્ષાબંધનનો તહેવાર જાય ત્યારથી બંધ થાય તે નવરાત્રીના દશેરા એ ફરી કામનું મુરત થાય. એટલે કામ ચાલે. વહેપારી રાખડી બનાવવા માટે દોરા અને ડાયમંડ પેન્ડલ, મોતી પેન્ડલ, મોટા મણકા, જીણા મણકા, સોય જેવી જરૂરી સામાન આપી જાય અને રાખડી તૈયાર થાય એટલે લઇ જાય.

ઊનના પતલા દોરાને ડાયમંડ પેન્ડલ પર આટી બાંધીને રાખડી બનાવવાની. એવી ૧૨ ડઝન એટલે (૧૪૪ રાખડીઓ) બનાવવાના રૂ.૧૫ ભાવ મળે. આખા દિવસમાં ૪૫થી ૫૦ રૂ.નું કામ કરી લઉં. આ કામમાં મહેનત ઝાઝી ને પૈસા ઓછા મળે છે. તેમની વાતમાં સૂર પુરાવતાં નીરૂબહેન બોલ્યા, વર્ષો આસીમા મિલમાં કોન્ટ્રાક્ટમાં કામ કર્યુ. કોન્ટ્રાક્ટર બદલાયા એટલે અમને છુટા કરી દીધા ને દશ વર્ષથી રાખડી બનાવું છું. નાયલોન દોરાની રાખડી બનાવવાના કામમાં ખૂબ ધ્યાન રાખવું પડે. આ રાખડી બનાવવા એકદમ પતલી સોયનો ઉપયોગ થાય છે. સોયમાં દોરો પરોવીને તેમાં જીણા મોતી પરોવીને સાથે ડાયમંડ પેન્ડલ ભરીને ફરી મોતીને આટી બાંધીને રાખડી બનાવવાની હોય. જો, સોય પતલી ના લઇએ તો મોતી તૂટી જાય અને જો દોરો વધારે ખેંચીએ તો સોય તૂટી જાય એટલે બારીકાઇથી કામ કરવું પડે. કેમ કે મોતી કે સોય તૂટે તો એ પૈસા ખર્ચીને લાવવી પડે જે મને ના પોસાય.

‘‘હમ ભી બહોત સાલ સે રાખી બનાતે હૈ દામ તો કમ મીલતા હૈ પર ક્યાં કરે દૂસરે કોઇ કામ મે હાથ હી નહી બૈઠતા !’’ આ બોલ જરીનાબીબાના છે. દસ વર્ષથી બારે માસ ગોટા રાખડી બનાવવાનું કામ કરે છે. ૨૦ ગોટાના ફૂલ કરે ત્યારે માંડ ત્રણ રૂપિયા મળે. રોજનું રૂ. ૫૦થી ૬૦નું કામ કરી લે. આખો દિવસ સળંગ બેસે અને ગોટા બાંધે તેમાય ફૂલ બાંધતા દોરી કાપે એટલે ઘણી વાર આંગળીમાં કાપો પડી જાય. હાથનો દુઃખાવો પણ થઇ જાય. કામ કરતા ઝડપ ના હોય તો કંઇ ના મળે.

‘‘મેને તો યે સાલ રાખી કા કામ હી નહી કીયા અબ તો મેં પેન્ટ કે ધાગે કાટને કા કામ કરતી હૂ.’’ ધાગા કટીંગ કરતાં મરીયમબીબી બોલ્યા. એક જીન્સ પેન્ટ કા ધાગા કાટને કા ૯૦ પૈસા મીલતા હૈ. ૧૦૦ નંગ જીન્સ પેન્ટ ભરેલા થેલા ઠેકેદાર દે જાતા હૈ ! મેં એક દિન મેં ૫૦ નંગ પેન્ટ બના લેતી હૂં તો ૪૫ રૂપિયે કા કામ હો જાતા હૈ. કભી-કભાર મેરી બહુ ભી મદદ કરતી હૈ તો જ્યાદા ભી કામ હો જાતા હૈ. ઔર રાખી મેં તો ધાગા ભી માપ કે મુતાબીત દેતે હૈ સાથ મે પેન્ડલ ભી ગીન કે દેતે હૈ કઇ બાર બચ્ચે ખેલતે હુવે ભી પેન્ડલ તોડ દેતે થે તો કભી ખો જાતા થા તો હમારા પૈસા ભી ઠેકેદાર કાટ લેતા થા પર ઇસ કામ મેં ઐસા નહીં હૈ. ઇસ કે ઇલાવા હમારે પાસ મેં બહેને બોરીયા-બક્કલ પેકિંગ કરને કા કામ કરતી હૈ. રાખી કા કામ અબ કમ હો ગયા હૈ.

ગોમતીપુર વિસ્તારના ચંચળબહેન તેમની આજુ બાજુની ચાલીમાં બહેનોને જથ્થાબંધ રાખડી બનાવવાનું કામ આપે છે. તેમની પાસે જાણવા મળ્યું કે, હવે બહેનો સ્ટોન ચીપકાવવાના કામમાં ગાલી ગઇ છે એટલે રાખડીનું કામ બહેનો ઓછું કરે છે. પહેલા તો દરેક ઘરમાં રાખડીનું કામ કરતી બહેનો નજરે પડતી પણ હવે તો જોવા નથી મળતી.

રાજપુરના જીવરામ ભટ્ટની ચાલીના નયનાબહેન મૂળ સિલાઇ કામદાર પણ હવે ઘરે -ઘરે સિલાઇ મશીન આવી ગયા એટલે બહેનો સિલાઇ કામ કરતી થઇ ગઇ. માટે કામ ઓછું થઇ ગયું. એટલે હું રાખડી બનાવવાનું કામ કરું છું. મીના ભરેલા પેન્ડલની ફરતે જીણા મોતી ભરીને મોટા મણકા પરોવીને રાખડી બનાવું છું. ૧૨ ડઝન રાખડીના ૩૦ રૂપિયા ભાવ મળે. આ તો સિલાઇનું કામ બંધ થયું એટલે, દુધ-શાકના પૈસા નીકળે ને નવરા બેસીએ તેના કરતાં જે મળે તે કામ કરી લઇએ. ફેન્સી રાખડીઓ, ડાયમંડવાળી રાખડીઓમાં મશીનો આવી ગયા છે એટલે પણ રાખડીનું કામ ઓછું થઇ ગયું છે. સાચું કહું સિલાઇના કામમાં

હું રોજના ૧૦૦થી ૧૨૫ રૂપિયા આરામથી કમાઇ લેતી ને રાખડીના કામમાં તો મારા ઘરના ય સાંજે આવે ને મદદ કરાવે ત્યારે માંડ ૬૦ રૂપિયા મળે. દિવસના અંતે તો આંખો અને કમર દુઃખવા લાગે. ડોક પણ રહી જાય. હમણાં રક્ષાબંધનના એક દિવસ પહેલા જ કામ બંધ થયું છે.

અમરાઈવાડી વિસ્તારના ગણેશનગરમાં કંઠી બનાવવાનું કામ કરતાં કૈલાસબહેન કહે, હું પહેલાં રાખડી બનાવવાનું કામ કરતી હતી હવે નથી કરતી. રાખડીના કામમાં મહેનત પ્રમાણે પૈસા નથી મળતાં. ઘરનું કામ અને બાળકોમાંથી પરવારીએ ત્યારે માંડ રૂ.૪૦નું કામ થાય. હવે કંઠી બનાવવાના કામમાં એક ડઝન કંઠી બનાવું તો રૂ.૭૦નું કામ કરી લઉં છું. દિસવની એક ડઝન કંઠી થઇ જાય છે. મારી ચાલીમાં પહેલાં રાખડીનું કામ થતું હવે ઓછું થાય છે. તેમની વાતને આગળ વધારતા મંજુલાબહેન કહે, રાખડીનું કામ તો પોસાતું જ નથી. રાખડી ભરી ભરીને આંખો ફૂટી જાય, દોરા એવા આવી જાય તો આંગળીઓમાં ઘસરકા પડે. રાખડીમાં નંગ ચોંટાડવાના હોય તો ઘણી વાર તો નંગનો ગુંદર આંગળીઓ પર ચોંટી જાય તો આંગળીની ચામડી ઉખડી જાય છે. હવે હું દુપટ્ટાના છેડા બાંધવાનું કામ કરું છું. તેમાં કામ થઇ જાય છે. ઘણાં બહેનો બંગડી, રમકડાં પેકિંગ કરવાનું કામ, જીન્સના ધાગા કટિંગ કરવાનું વગેરે જેવા કામો કરવા લાગ્યા છે. બહું ઓછા લોકો રાખડી બનાવવાનું કામ કરે છે.

બહેરામપુરાની દુધવાળી ચાલીના સવિતાબહેન વર્ષોથી રાખડી બનાવે છે તેઓ કહે, મારાનું ઘર ગુજરાન રાખડી પર જ ચાલે છે. હું ને મારા પતિ બન્ને રાખડીનું કરીએ છીએ. પહેલાં તો મોટા પતીકાવાળી, રંગ-બેરંગી પન્નીના પતીકાવાળી ને રંગીન ચક્કરવાળી એને પરોવીને દોરા બાંધવાવાળી રાખડીઓ અમે બનાવતા હતાં હવે ફેન્સી ડિઝાઇનવાળી રાખડી બનાવવા આવે છે. હાલમાં બનાવીએ તે રાખડી સરળતાથી બની જાય છે.

આ રંગ-બેરંગી ડિઝાઇન વાળી રાખડીઓ એવી સરસ લાગે કે જોઇને તરત જ લેવાનું મન થઇ જાય. જાત જાતની ને ભાત ભાતની બહેનો તૈયાર કરેને એ જ રાખડીઓ બજારમાં જોવા મળે.

**– ગોમતી**

❑

# વિડીયો 'સેવા' મંડળીનો ૧૮મો વાર્ષિક અહેવાલ

શ્રી ગુજરાત મહિલા વિડીયો 'સેવા' માહિતી કોમ્યુનિકેશન સહકારી મંડળી લિ.ની ૧૭મી વાર્ષિક સાધારણ સભા તા.૨૬-૭-૨૦૧૮ના સેવા અકાદમી સને-ટુ ખાતે શ્રી નમ્રતાબહેન બાલીના પ્રમુખસ્થાને મળી હતી.

પ્રમુખ શ્રીએ સૌ સભ્યોનું સ્વાગત કરી મંડળીની જુદી-જુદી પ્રવૃતિ વિષે માહિતી આપતા જણાવ્યું કે, હવે નો સમય ટેક્નોલૉજીનો છે. ટેક્નોલૉજીમાં આવેલા બદલાવ સાથે તાલ મીલાવવો જરૂરી છે તેથી, જૂના અને બંધ સાધનોનો યોગ્ય નિકાલ કરી નવા સાધનો વસાવીશું. આપણે નવી પેઢીની કિશોરીઓને તાલીમો આપીશું અને સાથે યુવાનો પણ વધુ ભાગીદારી લેતા થાય તેવા પ્રયત્નો કરીશું.

ગત વર્ષે આપણી મંડળી માટે એક આંતરરાષ્ટ્રીય સંસ્થાએ કરેલા માર્કેટ રિસર્ચ મુજબ; વિડીયો સેવા પાસે હજુ એવા સાધનો છે. જે આજના કેમેરા, મોબાઇલવાળી ક્વોલીટી કરતાં વધુ સારા છે. આપણી ટીમની આવડતમાં નવું-નવું ઉમેરવું પડે.

મંડળીના પ્રવૃતિમય કાર્યો માટે વિડિયો ટીમને પ્રોફેશનલ પાસેથી શીખવું પડે. તેમજ યુનિર્વસીટી, કોલેજો તેના પ્રોફેસરો વગેરે લોકો પાસે જઇ તેમને મળીને મંડળીની પ્રવૃતિથી માહિતગાર કરવા. વળી આજના જમાનામાં વિદ્યાર્થીઓને અવનવા પ્રોજેક્ટો કરવાના હોય છે જેમાં વિડીયો-ફોટોગ્રાફી વગેરેને લગતા પણ હોય છે. મધ્યમ વર્ગ અને શ્રમજીવી લોકોના બાળકોને જ્યાં શિક્ષણ મેળવતાં હોય તેવી શાળામાં અમુક એવા વિષયો હોય છે તેની તાલીમ આપવી જોઇએ. અને જે સ્કૂલના આચાર્ય સંવેદનશીલ હોય ત્યાં જઇને વાત કરવી. ફોટોગ્રાફી શીખવવાની વાત થાય. જેનાથી આવક વધી શકે અને આપણી મંડળી પગભર બની શકે.

પહેલાનાં જમાનામાં તો કોઇ પણ પ્રસંગ હોય તો ઘરનાં બધાં વ્યક્તિઓ કામ વહેંચી લેતાં અને પ્રસંગ પાર પાડતા. પણ, હવે તો કોઇની પાસે સમય જ નથી તેથી બધા જ કામ નો કોન્ટ્રાક્ટ કોઇ એક ગ્રુપને આપી દે છે. તેમાં રસોઇ, ડેકોરેશન, મ્યુઝિક, ફોટોગ્રાફી, મહેંદી અને પાર્લર જેવા દરેક કામ સાથે સંકળાયેલા હોય છે. તો આપણી પાસે આટલું મોટું સંગઠન છે ને વળી આપણી સભ્ય બહેનોમાં આ બધી આવડત હોય જ છે તે એને પારખીને એવું ગ્રૃપ બનાવીએ અને એનું માર્કેટીંગ કરીએ તો આપણી બહેનોને પણ

રોજગારી મળશે અને મંડળી પણ પગભર થશે.

ત્યાર બાદ મિટીંગ આગળ વધારતા 'સેવા'ના મંત્રી શાન્તાબહેને મંડળીને શુભેચ્છા પાઠવીને ૨૦૧૭-૨૦૧૮ના વર્ષના કામકાજ અને પ્રવૃતિ અહેવાલ વાંચી સંભળાવ્યો. વિડીયો સેવાની શરૂઆત ૧૯૮૪માં કેવી રીતે થઇ તે જણાવ્યું. ૨૦૦૦માં વિડિયો સેવા મંડળીની નોંધણી કરવામાં આવી. ભારતમાં આ પ્રકારની આ પ્રથમ મંડળી છે. મંડળીમાં ૭૮૮ સભ્યો છે. રૂ. ૧,૪૯,૭૦૦/- નું શૅર ભંડોળ છે.

આ વર્ષમાં ૪૦ શુટિંગ કર્યા, ૧૩૩ કેસેટનું લોગીગ કર્યુ છે. અને ૯૭ કેસેટોનું ડુપ્લીકેશન કર્યુ છે. શુટિંગ દ્વારા માહિતી એકઠી કરી ડોક્યુમેન્ટ તૈયાર કરીએ છીએ.

વર્ષ દરમિયાન ૬૪ રીપ્લે અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાં કર્યા. તેમ જ જુદા જુદા રાજ્યોનાં જૂથો, સંગઠકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી, ખાનગી સંસ્થાના હોદ્દેદારો, મોબાઇલ વાન દ્વારા વિડિયોની માહિતી આપી કુલ ૩,૦૦૦ દર્શકો સુધી પહોંચ્યા છીએ.

મંડળીનો મુખ્ય ઉદ્દેશ વિડિયોના માધ્યમ દ્વારા શ્રમજીવી મહિલાઓના સામાજિક-આર્થિક ઉત્કર્ષ માટે તેમ જ શૈક્ષણિક અને વિકાસલક્ષી માહિતી દ્વારા જાગૃતિ લાવવી, તેમને સંગઠિત કરી, તાલીમ આપી તેમની કુશળતા વધારી આર્થિક રીતે પગભર કરવાં તેમજ સામાજિક ઉત્થાન કરવું.

પ્રવૃતિમાં જોવા જઇએ તો વર્ષ દરમિયાન વિડિયો રીપ્લે તેમ જ ફોટોગ્રાફી તાલીમ બહેનોને આપી. વિડિયો સેવા ટીમે પણ શક્તિવિકાસ માટે જુદી જુદી તાલીમો લીધી.

મિટીંગ આગળ વધારતા નમ્રતાબહેને એક નવા વિચારના અમલ માટેની વાત કરતા જણાવ્યું કે, આપણે અહી નાનું થીયેટર છે જ્યાં મહિનામાં એક વખત પીક્ચર બધાને બતાવી શકાય એવી વ્યવસ્થા છે. જે આપણે નકકી કરીએ એવી ફિલ્મના શો રાખીશું. જે આપણી શ્રમજીવી બહેનોને પરવડે તેવો ટિકીટ દર રાખીશું.

મંડળીના સભાસદ ગીતાબહેન નમ્રતાબહેનની વાત સાથે સહમતી આપતા કહયું કે, ગોમતીપુર વિસ્તારમાં નાનાં-મોટા પ્રસંગોના કામ કરતાં ગ્રૃપ ઘણાં છે તેમને સાંકળીને મંડળીના સભાસદ બનાવીશું અને મંડળી પ્રસંગોના ઓર્ડર લઇ કામ કરતી થશે તો મંડળીને આવક થાય.

સૌદર્ય સફાઇ મંડળીના મંજુલાબહેનને પણ વિડિયો મંડળીને શુભેચ્છા પાઠવીતા મંડળીના કામમાં વધારો થાય તેના માટે સૂચનો આપતા જણાવ્યું,આપણી સફાઇ મંડળીનું કામ ઘણી ઓફિસોમાં ચાલે છે ત્યાં વાત કરીને વિડિયો સેવાને કામ અપાવવા પ્રયત્ન કરીશું.

મંડળીના મેનેજર દક્ષાબહેને મંડળીના કામની વાત કરતા જણાવ્યું કે, વિડિયો સેવાની ૧૮વર્ષની સફરમાં ૨૦૦ જેટલી ડૉક્યુમેન્ટ્રી ફિલ્મો બનાવી છે. હજારો આપણી પાસે ફુટેજ છે જેમાંથી ઘણી ફિલ્મો બને તેમ છે. અત્યારે 'સેવા'ના ૪૫ વર્ષ થવા આવ્યાં છે હાલ નવી પેઢી વિડિયો સેવા સાથે જોડાય છે અને આ કિશોરીઓના સપના ઘણા હોય છે. આ કિશોરીઓને ફોટોની તાલીમ આપીએ છીએ તેમાં ફોટો પાડવા કહીએ તો એવા સુંદર ને અદ્ભૂત ફોટા પાડી ને લાવે છે તે જોતા જ રહીએ. એવી રીયાલીટી આ ફોટામાં જોવા મળે છે. આજે સભાસદ બહેનોને એટલું જ કહું છું કે, દીકરીઓને વધુ ને વધુ આવી તાલીમો સાથે જોડો જેથી તેમનો શક્તિવિકાસ થાય.

મંડળીના હિસાબનું સરવૈયું જયશ્રીબહેને વાંચી સંભળાવ્યું જે સર્વાનુમતે મંજુર કર્યુ.

કાર્યક્રમના સમાપનમાં આભારવિધિ કરીને 'અમે પાર કરીશું' ગીત ગાઇ સૌ છૂટા પડયા.

**- ગોમતી-જિજ્ઞા**

❑

# ''આજે અભણ છું પણ ગરીબ નથી''

**સેવા ગ્રામ મહિલા હાટની ૧૯મી વાર્ષિક સાધારણ સભાઃ**

''એક, સમય એવો હતો, કે અમારા નિભાવના બે છેડા મેળવવા મુશ્કેલ હતા. મારે ૨૫૦૦૦ રૂપિયા ગણવાના આવતા તો ય ફાંફા પડતા. હું અમારી સેવા ગ્રામ મહિલા હાટનો આભાર માનું છું કે, અમારી આ સેવા મહિલા ગ્રામહાટના લીધે, હું ૧૦,૦૦૦થી ૧૫,૦૦૦ રૂપિયા મહિને કમાઇ લઉં છું. એટલું જ નહી, રોજે-રોજ 'રૂડી'ના વેચાણના ૨,૫૦,૦૦૦રૂપિયા પળભરમાં ગણી દઉં અને કોઇ ભૂલ વગર ! હૂં હવે તો હિસાબો ય એવા રાખું છું કે ઓડિટરે ય મારા કામમાં ભૂલ ના કાઢી શકે !'' અરવલ્લીના રૂડીબેન નામે વાસંતીબેને ગ્રામહાટની સાધારણ સભામાં પોતાના શક્તિવિકાસની વાત આ રીતે રજૂ કરી.

મહેસાણા જિલ્લાના વાલીબેન પરમારે આ મિટીગમાં બહું ગૌરવભેર કહયું, ''હું છેલ્લા ૧૭ વર્ષથી સેવાની સભ્ય છું. સેવામાં આવી એ પહેલાં મારા જીવનમાં બહુ મુશ્કેલીઓ હતી.

# શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.

: મુખ્ય શાખા :
૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭

## જામીનની ઝંઝટ વગર તાત્કાલિક લોન મેળવો

- આપની જ ફિક્સ ડિપોઝીટ અને રીકરીંગ ડિપોઝીટની બચત સામે ૯૫% સુધીની રકમની લોન મેળવો અને આપણી બચતને સુરક્ષિત રાખો.
- નેશનલ સેવિંગ્સ સિર્ટીફીકેટ (NSC )તથા કિસાન વિકાસ ાત્ર (KVP) સામે ૮૦% સુધી લોન તાત્કાલિક મેળવો.
- આપના સોનાના દાગીના સામે તાત્કાલિક લોન મેળવો.

## સેવા બેંકમાં મળતી લોન

- ➢ સેવા બેંકમાં ખાતું ખોલાવો અને તરત જ લોન મેળવો.
- ➢ નિયમિત બચત કરી અને ઝડપી લોન મેળવો.
- ➢ ધંધા માટે - નવો ધંધો શરુ કરવા- જુના ધંધાનો વિકાસ કરવા- ધંધા ના સાધનો વસાવવા.
- ➢ રીકરીંગ તથા ફિક્સ ડિપોઝીટ સામે ૯૫% રકમ સુધી વગર જમીને ઝડપી લોન મેળવો.
- ➢ વાહન ખરીદવા માટે લોન મેળવો.
- ➢ સરળ ગ્રૂપમાં ઘરે બેઠા લોન મેળવો.
- ➢ ઘર વપરાશ તથા સૂર્ય શક્તિથી ચાલતા સાધનો ખરીદવા લોન મેળવો.
- ➢ માલ સ્ટોક હાઈપોથીકેશન લોન આપવામાં આવે છે.
- ➢ મકાન મોર્ગેજ કરીને લોન આપવામાં આવે છે.

## બેંકની શરતોને આધીન

- ઝટપટ લોન
- સ્વરોજગાર લોન ધંધાના વિકાસ માટે

## લોન નિયમિત ભરવાથી થતા ફાયદા

- ➢ લોન નિયમિત ભરવાથી વ્યાજનું વ્યાજ ભરવું ન પડે.
- ➢ લોન નિયમિત ભરવાથી બેંકની બીજી યોજનાઓનો લાભ મળી શકે છે.
- ➢ નિયમિત લોન ભરવાથી બેંકમાં શાખ વધે છે અને બીજી લોન ઝડપથી મળે છે.
- ➢ બેંકમાં અને સમાજમાં માન વધે છે. તેનાથી તમે બીજી બહેનોને પણ લોન અપાવવામાં મદદરૂપ થઇ શકો છો.
- ➢ લોન જે હેતુ માટે લો, તેમાં જ તેનો ઉપયોગ કરવો જરૂરી છે.

મારે રહેવા માટે ચાર દિવાલ ન હતી અને બે ટંક ખાવાનો રોટલો ન હતો. હું કપડાં માંગીને પહેરતી અને કોઇએ વાપરીને ઘસાઇ ગયેલા સ્લીપર રસ્તા પર ફેકી દીધા હોય એ ઉઠાવી લઇને પહેરતી. તો ય હું કહીશ કે, હું નશીબદાર હતી કે હું મારી સેવા શોધી શકી. મેં સેવા મેનેજરની સ્કૂલમાં આરોગ્ય, ખેતી અને લીડરશીપની તાલીમ લીધી. અને આજે એક અભણ ખરી પણ હું ટેબલેટ વાપરું છૂં, બચતની એન્ટ્રી કરું છું અને હિસાબો જાળવું છું અને 'રૂડી' વેચાણ રેકોર્ડ ઓન લાઇન રાખું છું. જાણો છો ? હું હજી ગઇકાલે જ અમેરિકાથી પાછી આવી છું. મને આ હજી સપનું જ લાગે છે ! મેં મારા ઘરને એર બીએનબીમાં (જેને આપણે સેવામાં 'હમ સબ એક' કહીએ છીએ તેમાં) નોંધાવ્યું છે. મને એર બીએનબીની અમેરિકાની ઓફિસે અમેરિકા જઇ મારા હમ સબ એક ના યજમાન તરીકેના અનુભવો રજુ કરવાનું આમંત્રણ હતું. આજે અભણ છું પણ હું ગરીબ નથી. હું માસ્ટર ટ્રેનર છું. આજે મારી પાસે રોજગારી અને આવક બેઉ છે. મારું પોતાનું ઘર છે અને સૌથી મોટું ''સેવાના વાલીબેન'' એવી મારી ઓળખ છે.'' ''સેવા મને વહાલી, સેવાને હું વહાલી.''

સેવા ગ્રામ મહિલા હાટ છેલ્લા દસ વરસથી પગભર બન્યું છે અને બહેનોને રોગારીની તકો ઝડપવામાં પુરા આત્મ વિશ્વાસ અને જોશપૂર્વક આગળ વધાર્યા છે. બહેનોના ચહેરા પર અનેરો આનંદ દેખાતો હતો. ભલે આપણે ગરીબ છીએ પણ શ્રમજીવી છીએ અને જાત મહેનત કરીને રોજગારી મેળવવામાં માનીએ છીએ, ઘણાં સંઘર્ષો આવે તેને ''અમે પાર કરીશું... ! ''એ ગીત ગાતાં-ગાતાં વાસ્તિવિક રીતે પાર કરીને બતાવ્યું છે એ દરેકની વાતમાંથી આવતું હતું.

હાલ વરસાદની અને ખેતીની સીઝનમાં ય સભાનો ખંડ બહેનોથી ખચખચ ભરેલો હતો. બેસવાની ૪૫૦ સીટ હતી તો પણ નીચે બેસીને સભામાં હાજરી આપવી પડી એટલી મોટી સંખ્યામાં બહેનો આવી હતી. બહેનોની બોલી અને પહેરવેશમાં દેશ-વિદેશની સંસ્કૃતિ ઝલકતી હતી. આણંદ વણકર મંડળીની વણાટની સાડી, ગુજરાતી સાડી, રાજસ્થાની પહેરવેશ, મીઝોરમ, સિક્કીમ, નાગાલેન્ડ અને શ્રીલંકાના ભાતીગળ કપડાંમાં શોભતી બહેનો નોખી જ તરી આવતી હતી. સભા શરૂ થતાં પહેલાં બહેનોએ જુદી-જુદી ભાષાના ગીતો અને ભજનો ગાઇ બધાંને બરાબર જકડી રાખ્યા હતાં. સાથે-સાથે આવેલા મુખ્ય મહેમાન પણ આપણી જેમ બહેનોની સાથે કામ કરે છે એટલે તેમને સાંભળવાનો ઉત્સાહ પણ અનેરો હતો.

સ્વાગતવિધીમાં સેવા ગ્રામ મહિલા હાટના પ્રમુખશ્રીએ ગ્રામ્યસ્તરે બહેનોના જુથ, તેમના જિલ્લા મંડળો, બહેનોની તેમના ધંધાને મજબૂત કરવામાં આવતી મુશ્કેલી અને જરૂરીયાતો સમજી અને હલ કરવામાં 'સેવા ગ્રામ મહિલા હાટ' અને 'સેવા મેનેજરની સ્કૂલ' શા માટે શરૂ કરવામાં આવ્યાં અને આ બંને સાથે મળી બહેનોને ખેતી, ખેતી સંલગ્ન ધંધો રોજગારના શરૂઆતના કામથી લઇને બજાર સુધીની ઉત્પાદન મુલ્ય શ્રૃંખલાની અને તાલીમોની મદદથી સશક્તિકરણની મજલ કેવી રીતે કાપી અને છેલ્લા દસ વર્ષમાં ૧૦૦% પગભર બન્યા તેની વાત કહી અને બન્ને ટીમને અભિનંદન આપી તેમનો ઉત્સાહ વધાર્યો. સાથે સાથે તેમણે આટલેથી ના અટકતાં સેવાની બધી જ સભ્યબહેનો સુધી પહોંચવાની અને લઘુ ઉદ્યોગોથી મોટા ઉદ્યોગો જેવા કે, આપણા 'હંસી બા', 'રૂડી', 'નિર્માણ' જેવા સાહસો ઉભા કરવા આયોજન કરવું એવું સૂચન કર્યુ હતું. આ માટે રોજગાર ભંડોળ અને તે પણ બજારમાંથી લાવવું પડશે અને એમાં પડકાર એ હશે કે, આપણી કામ કરવાની પધ્ધતિ, મેનેજમેન્ટ વગેરેમાં સુધારો લાવવો પડશે અને એ માટે આપણે બધાએ કટીબધ્ધ થવું પડશે. આ માટે આપણને જરૂરી તાલીમો સેવા મેનેજરની સ્કૂલ આપશે. તેમણે શ્રમજીવી સભ્યબહેનોનો આભાર માનતાં કહયું હતું કે, તેમના સાથ વગર સંગઠન પગભર ના થઇ શક્યું હોત અને પગભર સંસ્થા તરીકે ના ચાલી શક્યું હોત.

સભામાં સેવા ગ્રામ મહિલા હાટ અને સેવા મેનેજરની સ્કૂલે વર્ષ ૨૦૧૭-૧૮માં કરેલ કામગીરીનો અહેવાલ વાંચીને રજુ કરવામાં આવ્યો હતો. સભાનું મુખ્ય આકર્ષણ સભ્ય બહેનો, માસ્ટર ટ્રેનર અને યુવા પેઢીના બહેનોના અનુભવોનું આદાન-પ્રદાન હતું. જેમાં ફક્ત સેવાના જ નહી સાથે સાથે અને અન્ય રાજ્યના દેશ શ્રીલંકાની બહેનોએ રજુઆત કરી હતી. જેમાંથી તેમના સંઘર્ષ, સાહસ, નિષ્ઠા, અને સફળતા ઝળકાતાં હતાં જે બીજા બહેનો માટે શીખવાની સોનેરી તક સમાન હતાં. સિક્કીમના બહેનોએ તો સરસ ગીત ગાઇને સેવા અને નોર્થઇસ્ટના તેમના કાર્યક્રમથી તેમના જીવનમાં આવેલા બદલાવને વર્ણવ્યો હતો.

સભામાં અદાણી ફાઉન્ડેશનમાંથી આવેલા મુખ્ય અતિથિ પ્રીતિબહેન સહર્ષ જણાવ્યું કે, તેમની સંસ્થા પણ આપણા દેશના ૧૩ રાજ્યોના ૨૦૦૦થી વધારે ગરીબ અને શ્રમજીવી બહેનો સાથે કામ કરે છે. તેમને ત્યાંથી બહેનો સેવાના શૈક્ષણિક પ્રવાસે આવી તેમાં તેમણે બે બહેનોના જીવનમાં બદલાવ આવ્યો છે તેની વાત કહી હતી અને સેવાએ બજારમાંથી રોજગાર ભંડોળ લાવવાની વાત

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
6-9-2018

કરી એ મોટું જવાબદારીનું કામ છે. અનેક નવા કામ-ધંધા ઉભા કરવાનું સાહસ કરવાનું છે. કહયું કે, જીવનના દરેક તબક્કે આપણને કંઈકનું કંઈક શીખતા રહેવું પડશે. કારણ કે, ધંધામાં બહુ આંટીઘુંટીઓ છે જે સફળતા મેળવવા માટે શીખવી પડે જ. તેમણે સાથે-સાથે ટેક્નોલૉજીના ઉપયોગ કરવા બાબતે પણ ઝોક આપ્યો. બજારમાં મશીનની બનાવટ અને મોટા પાયે પ્રચાર-પ્રસાર કરતી કંપનીઓની સામે હાથ બનાવટની ચીજ વસ્તુઓ મુકવા માટે એક ખાસ વ્યૂહરચના બનાવવી પડશે એ પણ અગત્યની બાબત સમજાવી. તેમણે આયોજનની અગત્યતા સમજાવતાં કહયું કે બહેનોના જીવનમાં અણધાર્યા પ્રશ્નો આવતાં જ રહેવાના આ બધું સમજી વિચારીને કામની પધ્ધતિ ઘડી હશે તો પરિસ્થિતિનો સામનો કરી શકાશે.

આમ આ સાધારણ સભા હજી વધારે પ્રયત્નો કરી સારું કામ કરવા માટે પ્રેરણાદાયક રહી. આપણે સેવા ગ્રામ મહિલાહાટને શુભેચ્છા આપીએ કે તેઓ હજી પણ બહેનોની રોજગારી, સલામતી માટે નવા-નવા કામો લાવતાં રહે અને સેવાના વિકાસનો વટવૃક્ષ ફેલાતો રહે !

**- અલ્પા**

❑

**અનસૂયા**

- ૩૬મા વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-9-2018**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]